ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date :22nd April, 2021

પ્રતિ,
તંત્રી શ્રી,
................................, ભાવનગર.

કાલે વિશ્વ બુક અને કોપિરાઇટદિવસ અંતર્ગત
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## 'બૌદ્ધિક સંપત્તિ: મહત્વ અને ઉપયોગિતા' વિષય પર ઓનલાઈન વેબિનાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કહેવાય છે ને કે પુસ્તકો આપણા સાચાં મિત્રો છે. દરેક સમય કે પરિસ્થિતિમાં સતત આપણને માર્ગદર્શન મળતું રહે તેવું એક માત્ર માધ્યમ એટલે પુસ્તક. એક નાનકડાં પુસ્તકમાં સમગ્ર બ્રહ્માંડને સમજાવવાની અનુભવ કરાવવાની તાકાત રહેલી છે. યોગ્ય સમયે યોગ્ય પુસ્તક એક સાચા માર્ગદર્શક-સાચા ગુરુ અને સાચા મિત્રની ગરજ સારે છે, જેથી આ અત્યાધુનિક સમયમાં પણ પુસ્તક વાચકોનો પુસ્તક પ્રત્યેનો પ્રેમ જળવાઈ રહ્યો છે.

વિલિયમ શેક્સપીયર, મિગ્યુઅલ સર્વેન્ટસ અને આ દિવસે મૃત્યુ પામેલા ઈન્કા ગાર્સિલાસો ડે લા વેગા સહિતના મહાન સાહિત્યિક વ્યકિતઓને શ્રદ્ધાંજલિ આપવા યુનેસ્કોએ 23 મી એપ્રિલને વિશ્વ પુસ્તક દિવસ તરીકે પસંદ કર્યો છે. જે વર્લ્ડ બુક અને કોપિરાઇટદિવસ તરીકે પણ ઓળખાય છે. વર્લ્ડ બુક 2020નું મુખ્યમથક મલેશિયાની રાજધાની કુઆલાલંપુર છે. વિશ્વવ્યાપી યુનેસ્કો અને અન્ય સંબંધિત સંસ્થાઓ દ્વારા લેખકો, પુસ્તકોના વિશ્વવ્યાપી, વાંચનની કળાને પ્રોત્સાહન આપવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સ્કુલ ઓફ લો (ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ)નાં ડાઈરેક્ટર પ્રો. (ડૉ.) કૌશિક સી. રાવલના તજજ્ઞ પદે 'બૌદ્ધિક સંપત્તિ: મહત્વ અને ઉપયોગિતા' વિષય પર તા.૨૩-૦૪-૨૦૨૧ ને શુક્રવારનાં રોજ સાંજે ૪ વાગ્યે YouTube KRCSC Bhavnagar પર live કરવામાં આવનાર છે.

આ વેબીનારમાં ભાગ લેવા માટે www.krcscbhavnagar.org / current events પર તા. ૨૩-૦૪-૨૦૨૧ બપોરે ૨ વાગ્યા સુધીમાં પોતાના નામની નોંધણી કરવાની રહેશે.

૨૨/૦૪/૨૧
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.



follow us on YouTube KRCSCBhavnagar

Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar